# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ITI ના તાલીમાર્થીઓની અંગ્રેજી(૦૧૩) વિષયની પૂરક-૨૦૨૫ પરીક્ષાની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે રાજ્યની માન્ય તમામ ITI ના આચાર્યશ્રીઓ તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના અંગ્રેજી(૦૧૩) વિષયની પરીક્ષા પૃથક ઉમેદવાર તરીકે આપનાર ITI ના પરીક્ષાર્થીઓની અંગ્રેજી(૦૧૩) વિષયની પરીક્ષા <u>તા.૨૫/૦૬/૨૦૨૫, બુધવારના રોજ બપોરે 03:00 કલાક થી ૦૬.૧૫ કલાક સુધી યોજાનાર છે</u>. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર(હોલટિકિટ) બોર્ડની વેબસાઇટ **gen.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી ITI ના આચાર્યશ્રીઓ દ્વારા ડાઉનલોડ કરવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) ડાઉનલોડ કરવા માટે બોર્ડ દ્વારા ITI ને ફાળવેલ ઇન્ડેક્ષ નંબર તથા ITI ના નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી. દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર(હોલટિકિટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના પૂરક-૨૦૨૫ પરીક્ષાના આવેદન મુજબના વિષયની ખરાઇ કરીને પ્રવેશપત્ર(હોલટિકિટ)માં નીચે નિયત કરેલ જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ ITIના આચાર્યશ્રીનો સહી-સિક્કો(અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે પરીક્ષા માટેની ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની સૂચના (નં.૧ થી ૨૩) પ્રવેશપત્ર(હોલટિકિટ)ના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને ITIના આચાર્યશ્રીની સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે ઓનલાઇન મુકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર(હોલટિકિટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીઓના આવેદન તથા પરીક્ષાર્થીના પ્રવેશપત્ર(હોલટિકિટ) માં દર્શાવેલ વિષય કે અન્ય કોઇ બાબતે વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતેની સામાન્ય પ્રવાહ(ક-૧) શાખાનો જરૂરી આધારો સાથે દિન-૩ માં સંપર્ક કરવાનો રહેશે.

(ટી.એ.પટેલ)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૧૬/૦૬/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર